# ગુજરાતી

## (૨૦૭)

## શિક્ષક નિર્દેશિત સ્વાધ્યાયપત્ર (૨૦૧૯–૨૦)

---

**કુલ ગુણ: ૨૦**

**સૂચના:** (૧) બધા જ પ્રશ્નોના ઉત્તર આપવા ફરજિયાત છે. પ્રત્યેક પ્રશ્નની સામે તેના ગુણ દર્શાવેલા છે.

(૨) ઉત્તરવહીના પ્રથમ પૃષ્ઠ પર ઉપરની બાજુએ તમારું નામ, અનુક્રમાંક, અભ્યાસકેન્દ્રનું નામ અને વિષય સ્પષ્ટ શબ્દોમાં લખો.

૧. નીચે દર્શાવેલ પ્રશ્નોમાંથી કોઈ એક પ્રશ્નનો ઉત્તર આશરે ૪૦ થી ૬૦ શબ્દોમાં લખો. (ગુણ: ૨)

(અ) 'સુરભિત પુલકિત મુખરિત શ્વાસ', એટલે કેવો શ્વાસ ?

(પાઠ–૨ જુઓ)

(બ) કવિ નિરંજન ભગતે તડકાને ધાતુ સાથે સરખાવીને શું સૂચવ્યું છે ?

(પાઠ–૩ જુઓ)

૨. નીચે દર્શાવેલ પ્રશ્નોમાંથી કોઈ એક પ્રશ્નનો ઉત્તર આશરે ૪૦ થી ૬૦ શબ્દોમાં લખો. (ગુણ: ૨)

(અ) 'ફડચો કરવો' અને 'ભોગ લાગવા' એ બે રૂઢિપ્રયોગોના અર્થ જણાવી તેમને વાક્યમાં વાપરી બતાવો.

(પાઠ–૪ જુઓ)

(બ) 'દંડબેઠક'નો લેખક શું અર્થ કરે છે?

(પાઠ–૫ જુઓ)

૩. નીચે દર્શાવેલ પ્રશ્નોમાંથી કોઈ એક પ્રશ્નનો ઉત્તર આશરે ૪૦ થી ૬૦ શબ્દોમાં લખો. (ગુણ: ૨)

(અ) આબાદી એટલે શું? બરબાદી એટલે શું?

(પાઠ – ૬ જુઓ)

(બ) 'હાં રે કોઈ માખણ લ્યો' ને બદલે

'હાં રે કોઈ માધવ લ્યો' એવું વ્રજનારી શા માટે બોલે છે?

(પાઠ – ૯ જુઓ)

૪. નીચે દર્શાવેલ પ્રશ્નોમાંથી કોઈ એક પ્રશ્નનો ઉત્તર ૧૦૦ થી ૧૫૦ શબ્દોમાં આપો. (ગુણ: ૪)

(અ) પ્રવાસલેખક પાસે સારી અવલોકન શક્તિ હોવી જોઈએ એવું કાકાસાહેબના પ્રવાસવર્ણન ઉપરથી શા માટે કહી શકાય?

(પાઠ–૧૩ જુઓ)

(બ) 'ગાંધી કદી સૂતો નતો' ને બદલે 'ગાંધી કદી સૂતો નથી' એવું કહીએ તો અર્થમાં શો ફેર પડે તે વિસ્તારથી સમજાવો.

(પાઠ–૧૭ જુઓ)

૫. નીચે દર્શાવેલ પ્રશ્નોમાંથી કોઈ એક પ્રશ્નનો ઉત્તર ૧૦૦ થી ૧૫૦ શબ્દોમાં આપો. (ગુણ: ૪)

(અ) ટૂંકી વાર્તામાં પાત્રોનું મહત્ત્વ સમજાવો.

(પાઠ–૧૫ જુઓ)

(બ) 'ફરતી પીંછી અંધકારની: દીપ નહી રંગાય– દ્વારા કવિ શું કહેવા માગે છે?

(પાઠ–૧૭ જુઓ)

૬. નીચે દર્શાવેલ પ્રશ્નોમાંથી કોઈ એક વિષયનો ઉત્તર ૨૦૦ થી ૩૦૦ શબ્દોમાં આપો. (ગુણ: ૬)

(અ) ભારતમાં નક્સલવાદ.

(પાઠ–૨૩ જુઓ)

(બ) લોકશાહીમાં ચૂંટણી.

(પાઠ–૨૩ જુઓ)

–––– ××× –––